**એમ.એ.સી.પી. નં. ૩૩/૨૦૨૪**

**-: આંક-૦૧ લગત હુકમ :-**

**(૧)** હાલની અરજી અરજદાર. સામાવાળા વિરૂધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ- ૧૬૪ ની જોગવાઇઓ મુજબ વળતર માટે દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** હાલની અરજીની સામાવાળાઓને નોટીસ બજી ગયેલ છે પરંતુ સામાવાળા નં. ૧ અને ૨ તરફથી કોઈ હાજર થયેલ નથી. સામાવાળા નં. ૩ તરફથી વિ.વશ્રી જે.આઇ. શાહ હાજર થયેલ છે અને આંક- ૦૬ થી તા.૧૬.૦૪.૨૦૨૪ ના રોજ વકીલપત્ર રજુ કરેલ છે પરંતુ આજ સુધી અરજીનો કોઇ જવાબ આપેલ નથી. સામાવાળા તરફથી જવાબ ન આપવાના કારણે હાલની વળતર અરજીના નિકાલમાં વિલંબ થાય છે અને સિવીલ પ્રોસીઝર કોડની જોગવાઇઓ મુજબ નિયત સમયમર્યાદામાં સામાવાળા તરફથી કોઈ જવાબ આપવામાં આવેલ નથી જેથી હાલના કેસમાં સામાવાળા નં. ૧ થી ૩ નો જવાબનો હક્ક બંધ કરવામાં આવે છે અને સામાવાળા નં. ૧ અને ૨ ની ગેરહાજરીના કારણે તેમના વિરૂધ્ધ કેસને એકસપાર્ટી ચલાવવાનો હુકમ કરવામાં આવે છે અને કેસ મુદાઓ માટે મુલત્વી રાખવામાં આવે છે.

**મુકામ-ડભોઇ.**
**તારીખ-૧૨/૦૮/૨૦૨૫**

**( રાહુલ શર્મા )**
**ચેરમેન,એમ.એ.સી.ટી (ઓકઝી.)**
**ડભોઇ, એટ વડોદરા.**
**કોડ નં. જીજે-૦૧૫૮૮.**